## સંક્ષિપ્ત સમાચાર

### પારડીમાં 20 કરોડના વિકાસનાં કામોનું ઈ-લોકાર્પણ, ખાતમુહૂર્ત




પારડીઃ પારડી નગરપાલિકા વિસ્તારમાં જનસુખાકારી અને આધુનિક માળખાકીય સુવિધાઓમાં વધારો કરવાના હેતુથી સરદાર વલ્લભભાઈ પટેલ ઉદ્યાનમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યના નાણા અને શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે અંદાજે 20 કરોડથી વધુના ખર્ચે વિકાસના કામોનું ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આગામી સમયમાં વિવિધ વિકાસ કામોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જે કાર્યક્રમનો મુખ્ય સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ 602 લાખના ખર્ચે માર્ગો અને ડ્રેનેજ સિસ્ટમનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આઉટગ્રોથ વિસ્તારમાં 350 લાખના ખર્ચે સ્ટ્રીટ લાઈટ અને ભેંસલાપાડ-ચંદ્રપુર વિસ્તારમાં નવી આંગણવાડીઓનું સરદાર વલ્લભભાઈ પટેલ ઉદ્યાનમાં ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. પારડીના નગરજનો માટે આકર્ષણનું કેન્દ્ર બનનાર 598 લાખના ખર્ચે 'ગાર્ડન વિથ રિક્રિએશનલ સેન્ટર' અને 402 લાખના ખર્ચે નવા રસ્તાઓના કામનું ખાતમુહૂર્ત પણ સંપન્ન થયું હતું. આ પ્રસંગે નગર પાલિકાના પ્રમુખ ચેતન નાયકા, અને ચીફ ઓફિસર કોમલ ધાનૈયા, ઉપપ્રમુખ ફાલ્ગુની ભટ્ટ બાંધકામ અધ્યક્ષ પ્રણવ દેસાઈ, વાપી VIAના પ્રમુખ સતિષભાઈ પટેલ, પારડી તાલુકા ભાજપ પ્રમુખ પુનિત પટેલ, વાપી તાલુકા ભાજપ પ્રમુખ મનીષ દેસાઈ સહિત ભાજપ કોંગ્રેસના ચૂંટાયેલા સભ્યો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતાં.

### નવસારીમાં બી.આર. ફાર્મ ખાતે આજથી બે દિવસ મિલેટ મહોત્સવ

નવસારીઃ નવસારીમાં આગામી ૨૧ અને ૨૨ માર્ચે ઇટાવાળા છાપરા રોડ સ્થિત બી.આર. ફાર્મ ખાતે "મિલેટ મહોત્સવ"નું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં નવસારી તેમજ આસપાસના જિલ્લાઓમાંથી ૩૦થી વધુ સ્ટોલ ઊભા કરવામાં આવશે, જેમાં મિલેટ આધારિત વિવિધ ખાદ્ય ઉત્પાદનો, પ્રાકૃતિક ખેતી પદ્ધતિઓ અને નવીન કૃષિ ટેક્નોલોજીનું પ્રદર્શન કરવામાં આવશે. આ કાર્યક્રમ ખેડૂતો માટે આવક વધારવાની નવી તકો ઊભી કરશે અને સાથે જ નાગરિકોને આરોગ્યપ્રદ આહાર તરફ પ્રેરિત કરશે. મહોત્સવના સુચારું આયોજન માટે નવસારી મનપાના કમિશનર દેવ ચૌધરીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી, જેમાં તમામ જરૂરી વ્યવસ્થાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### ડાંગના આમથવા ગામમાં પ્રાકૃતિક કૃષિની તાલીમ યોજાઈ




સાપુતારાઃ સુબીર તાલુકાના ખાંભલા ક્લસ્ટરમાં સમાવિષ્ટ આમથવા ગામમાં પ્રાકૃતિક કૃષિ અંગેની તાલીમ યોજાઇ હતી. જેમાં પ્રગતિશીલ ખેડુત દ્વારા પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓ, તેના લાભો અને હાલની પરિસ્થિતિમાં તેની ઉપયોગિતા અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવાથી આપણે ઝેર મુક્ત અનાજ અને શાકભાજીની ખેતી કરી લોકોનું સ્વાસ્થ્ય સારું રહે એના માટે પણ માહિતી આપવામાં આવી હતી.

### ખેરગામમાં નવ વર્ષીય હસનનું રમઝાન માસના પૂરા રોઝા રાખતા સન્માન



ખેરગામઃ ખેરગામના અઝીઝભાઈ ક્વોરીવાળા પરિવારના નવ વર્ષીય બાળક હસન મોહસીન શેખે સૌપ્રથમવાર રમઝાન માસના પુરા રોઝા રાખ્યા હતા. આ બાળકે રોઝા રાખવાની સાથે ત્રણ દિવસ સતત મસ્જિદમાં બેસી ખુદાની બંદગી કરી હતી. જે ઈદનો ચાંદ દેખાય આવતા તેનું મુસ્લિમ સુન્નત જમાતના આગેવાનો દ્વારા મસ્જિદમાં સન્માન કરવામાં આવ્યું હતું.

### દિવાળીબેન ટ્રસ્ટ બારડોલી દ્વારા ડાંગમાં વિવિધ સાધન સહાય




સાપુતારાઃ દિવાળીબેન ટ્રસ્ટ દ્વારા ડાંગ જિલ્લાના આઠ ગામોમાં નનામી, વ્હીલ ચેર અને પ્રાર્થના બુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં સુબીર તાલુકાના હનવતપાડા, ઝરણ, ખાંભલા, અને આમસરપાડા તેમજ આહવા તાલુકાના ધવલીદોડ, ગાઢવી, કામદ અને ચિરાપાડા ગામોમા ઉપરોક્ત તમામ સાધન સહાય દિવાળીબેન ટ્રસ્ટનાં કર્મચારી સર્વેમાં ભાવેશ પટેલ, અમર પાડવી, રોશની પાનવાલા અને પારૂલબેન ભટ્ટ તેમજ ડાંગ જિલ્લાનાં નિયુક્ત સંયોજક રાજેશ પટેલ, ગંગારામ ચૌધરી, બનેશ ચૌધરી અને વિજયભાઈ ખુરકુટિયા દ્વારા ગામના આગેવાનો તેમજ ગ્રામજનોની ઉપસ્થિતમાં સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### ધરમપુર તાલુકામાં શિક્ષણ, આરોગ્ય ક્ષેત્રે વિકાસ કામોનું લોકાર્પણ

ધરમપુરઃ ધરમપુર તાલુકાના વિરવલ ગામે કુલ રૂ. 80.04 લાખના ખર્ચે નવનિર્માણ પામેલા પ્રાથમિક શાળાના 6 નવા ઓરડાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વલસાડ જિલ્લા ભાજપ મહામંત્રી ગણેશભાઈ બિરારી સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત નાની ઢોલડુંગરીમાં રૂ.128.07 લાખના ખર્ચે નવનિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ સાથે આવધા ગામે રૂ. 30.64 લાખના ખર્ચે પેટા આરોગ્ય કેન્દ્રનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ત્રણેય કાર્યક્રમોમાં જિલ્લા કારોબારી સદસ્ય નવીનભાઈ ભોયા, તાલુકા મહામંત્રી વિમલભાઈ પટેલ, વિવિધ આગેવાનો, સરપંચો, અધિકારીઓ, શિક્ષકો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં. આ વિકાસ કાર્યોના અમલીકરણથી ધરમપુર વિસ્તારમાં શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

# વલસાડ જિલ્લામાં 10 PI અને 3 PSIની બદલી

**એલ.સી.બી.** પી.આઈ. તરીકે એ. યુ. રોઝ, એસ.ઓ.જી. પી.આઈ. તરીકે ડી. ડી. પરમાર, વલસાડ સિટીમાં પી.આઈ. બી. ડી. જીતીયા મુકાયા

### દ.ગુ.નું પહેલું ટ્રાફિક પોલીસ સ્ટેશન વાપીમાં

વાપીઃ વાપીમાં શનિવારથી વાપી શહેરનું અલયાદું ટ્રાફિક પોલીસ સ્ટેશન શરૂ થઈ રહ્યું છે. ગુજરાતમાં અમદાવાદ શહેર બાદ બીજું ટ્રાફિક પોલીસમથક વાપીમાં શરૂ થઈ રહ્યું છે. વાપીમાં મયુર પટેલ ટ્રાફિક પોલીસમથકના પહેલા પીઆઈ તરીકે મૂકાયા છે. જે વાપી ટાઉનમાં પીઆઈ તરીકે રહ્યા હતા. તેમની સાથે એક પીએસઆઈ તથા ૪૦ જેટલા પોલીસ કર્મીઓને મૂકવામાં આવ્યા છે. હાલ આ ટ્રાફિક પોલીસમથક બલીઠા સ્થિત હાઈવે ઉપર તાલુકા સેવા સદનમાં શરૂ થશે.ત્યાર બાદ ટ્રાફિક પોલીસ સ્ટેશનનું અલાયદું બિલ્ડિંગ બનશે.

વલસાડઃ વલસાડ જિલ્લામાં પોલીસ કોન્સ્ટેબલોની સામૂહિક બદલી બાદ પોલીસ વડાએ 10 પી.આઈ અને 3 પી.એસ.આઈ.ની આંતરિક બદલીઓ કરતાં કહી ગમ કહી ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. સાયબર ક્રાઈમના પી.આઈ. બી. ડી. જીતીયાંને વલસાડ સિટી પોલીસમથક ખાતે મુકાયા છે, જ્યારે મરીન પોલીસના પી.આઈ. એમ. એન. બૂબડીયાની બદલી ધરમપુર પી.આઈ. તરીકે, ધરમપુર પી.આઈ. એન. ઝેડ. ભોયાની નાનાપોંઢા, મહિલા પોલીસ સ્ટેશનના ડી. ડી. રાઠોડની સરીગામ, નાનાપોંઢા પી.આઈ. બી. આર. બેરાની વલસાડ સાયબર ક્રાઈમમાં, આઈ.યુ.સી.એ.ડબલ્યુ.ના એન. એસ. વસાવાને મરીન પોલીસ મથક, બી. કે. પટેલ લિવ રિઝર્વમાંથી મહિલા પોલીસ સ્ટેશન, એમ. પી. પટેલ લિવ રિઝર્વમાંથી વાપી ટ્રાફિક પોલીસ સ્ટેશન, વલસાડ સી.ટી.પી.આઈ. ડી. ડી. પરમારને એસ.ઓ.જી.માં, અને એસ.ઓ.જી.પી.આઈ એ. યુ. રોઝને એલ.સી.બી. જેવા મહત્ત્વના સ્થળે પોસ્ટિંગ આપવામાં આવી છે. જ્યારે બદલી કરાયેલા પી.એસ.આઈ.ઓ.માં વાપી ટાઉનના વી.બી. સોલંકીને વાપી ટ્રાફિક પોલીસ સ્ટેશન, ડુંગરા પોલીસમથકના આર. બી. પરમારને નાનાપોંઢા અને ભીલાડ પોલીસમથકના કે.એમ. સુવાગીયાની નિમણૂક કરાઈ છે.

# નવસારીમાં આંગણવાડી વર્કર્સની રેલીએ કલેક્ટર કચેરી ગજવી

**જૂનાથાણાથી** કલેક્ટર કચેરી સુધી શક્તિપ્રદર્શન, ઉકેલ નહીં આવે તો ઉગ્ર આંદોલનની ચેતવણી



નવસારીઃ નવસારી શહેરમાં આંગણવાડી વર્કરો દ્વારા લાંબા સમયથી બાકી રહેલી પોતાની ન્યાયસંગત માંગણીઓને લઈને વિશાળ રેલી યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં આંગણવાડી બહેનો ઉત્સાહભેર જોડાઈ હતી. જુનાથાણા ખાતેથી પ્રારંભ થયેલી આ રેલી શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ કલેક્ટર કચેરી સુધી પહોંચી હતી, જ્યાં આંદોલનકારીઓએ એકતા અને સંઘર્ષનો શક્તિશાળી સંદેશ આપ્યો હતો. રેલી દરમિયાન બહેનો દ્વારા "હક્ક જોઈએ જ", "ન્યાય આપો" જેવા ગૂંજતા નારા લગાવી તંત્ર પ્રત્યેનો અસંતોષ ખુલ્લેઆમ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ધારાસભ્ય અનંત પટેલ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શૈલેષ પટેલ સહિતના આગેવાનો રેલીમાં હાજર રહી આંગણવાડી વર્કરોના મુદ્દાઓને સમર્થન આપ્યું હતું.

કલેક્ટર કચેરીએ પહોંચ્યા બાદ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી તેમની માંગણીઓનો તાત્કાલિક અને યોગ્ય ઉકેલ લાવવા માંગ કરવામાં આવી હતી. આંગણવાડી વર્કરોએ જણાવ્યું હતું કે વર્ષોથી તેમની માંગણીઓ અવગણાઈ રહી છે અને વારંવાર રજૂઆત છતાં કોઈ સ્પષ્ટ પગલાં લેવામાં આવ્યા નથી, જેના કારણે હવે તેઓને આંદોલનનો માર્ગ અપનાવવો પડ્યો છે.

વર્કરોએ તંત્રને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જો તેમની માંગણીઓ પર તાત્કાલિક ધ્યાન આપવામાં નહીં આવે તો આગામી સમયમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે અને તે રાજ્યવ્યાપી સ્વરૂપ પણ લઈ શકે છે.




# ઉનાળો આવતા પારડી પાર નદી ચેકડેમમાં જળ સ્તર ઘટ્યું

પારડીઃ પારડીની પાર નદીના ચેકડેમ પર માર્ચ મહિનામાં ઉનાળાની શરૂઆત થતાં જ પાણીનાં સ્તર ઘટી ગયેલા જોવા મળી રહ્યા છે. જો કે, પારડી શહેર અને અમુક ગામોની જેમ જરૂર પડે તેમ પંચલાઈ ડેમથી પાણી છોડવામાં આવશે. જો પાણી છોડવા માટેનું આયોજન બરાબર નહીં કરવામાં આવે તો લોકોને પીવાના પાણી માટે મુશ્કેલી સર્જાઈ શકે તેવી પરિસ્થિતિ ઉદ્દભવી છે. પાલિકા દ્વારા પાણીનો વેડફાટ ના કરવાની પારડી નગરજનોને અપીલ કરી હતી. આ કામગીરીમાં વોટરવોક્સના સુમન પટેલની ટીમે સ્થળે પહોંચી મોટર અંદર ઉતારી પાણી બહાર ખેંચવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. પાણી છોડવામાં આવશે તો પારડી નગરજનોને રાહત મળશે.

# વાપીને આદર્શ શહેર બનાવવા સતત પ્રયાસોઃ નાણા મંત્રી

**વાપીના** છીરી, છરવાડા, ચણોદના પીવાના પાણીનાં કામોનું કનુભાઈના હસ્તે ખાતમુહૂર્ત કરાયું



વાપીઃ કેબિનેટ નાણાં અને શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને છિરી અને છરવાડા વિસ્તારના નાગરિકો માટે રૂપિયા 22.62 કરોડના ખર્ચે તૈયાર થનાર વોટર સપ્લાય ડિસ્ટ્રિબ્યુશન પાઈપલાઈનના વિકાસ કામનું વિધિવત ખાતમુહૂર્ત કરાયું હતું.

કનુભાઈએ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ દ્વારા વિસ્તારના હજારો પરિવારોને શુદ્ધ અને પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી મળી રહેશે. વાપી મહાનગરપાલિકા આધુનિક આંતર માળખાકીય પાયાની સુવિધાઓ અને જનસુખાકારીના કાર્યો દ્વારા વાપીને એક આદર્શ અને સુવિધાયુક્ત શહેર બનાવવા માટે અમારા સતત પ્રયાસ હોય છે. છીરી અને છરવાળા વિસ્તાર માટે 48.88 કી.મી DI પાઈપલાઈનના વિકાસ કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ચણોદ વિસ્તાર માટે કુલ રૂપિયા 43.03 કરોડના ખર્ચે તૈયાર થનાર સંકલિત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા નેટવર્કના વિકાસ કામનું ખાતમુહૂર્ત તથા રૂપિયા 6.24 કરોડ ખર્ચે હાઈફ્લો જેટિંગ કમ સક્ષમ મશીનનું લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે વાપી મ્યુન્સિપલ કમિશનર યોગેશ ચૌધરી, વીઆઈએ પ્રમુખ સતિષભાઈ પટેલ, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ, વાપી તાલુકા ભાજપ પ્રમુખ સમયભાઈ પટેલ, વાપી પાલિકા પૂર્વ પ્રમુખ પંકજભાઈ પટેલ, વાપી પાલિકા પૂર્વ કારોબારી અધ્યક્ષ મિતેશભાઈ દેસાઈ તેમજ વાપી પાલિકા વિસ્તારના પૂર્વ કાઉન્સેલરો સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વલસાડ ધનોરી ગામે અકસ્માતમાં મોપેડચાલકનું મોત

વાપી/ વલસાડઃ વલસાડ ધનોરી માર્ગ પર મોપેડ અને બાઈક વચ્ચે થયેલા અકસ્માતમાં મોપેડચાલક યુવકનું મોત નીપજ્યું હતું. ડુંગરી પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, અટગામ રોડ, શાંતિનગર આરોગ્ય કેન્દ્ર સામે માર્ગ, ધનોરી ગામેથી મોપેડ લઈને ક્રિશ નટુભાઈ પટેલ (ઉં.વ.21, રહે., ધનોરી) નાઈટ શિફ્ટમાં નોકરી ઉપર જતા હતા, તે સમયે બાઈક સાથે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં મોપેડચાલક ક્રિશ તથા બાઈકચાલક મિતેશભાઈ દિપકભાઈ પટેલ (રહે., બામણવાડા, તા.ચીખલી) ઈજાગ્રસ્ત થયા હતા અને તેઓને 108 એમ્બ્યુલન્સ દ્વારા સરકારી હોસ્પિટલ ડુંગરીમાં સારવાર માટે ખસેડયા હતા. જેમાં મોપેડચાલક ક્રિશના માથાના ભાગે ગંભીર ઈજા પહોંચવાને લઈ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

### ધગડમાળ ગામના પૂર્વ સરપંચ શરદભાઈ ગાંગોડાનું નિધન



વલસાડઃ નાનાપોંઢાના ધગડમાળ ગામના પૂર્વ સરપંચ શરદભાઈ ભીખાભાઈ ગાંગોડાનું ટૂંકી માંદગી બાદ દુઃખદ અવસાન થતાં ધગડમાળ ગામ સહિત આજુબાજુના વિસ્તારોમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી. તેમણે લગભગ 35 વર્ષ સુધી સરપંચ તરીકે ગામની સેવા આપતા રહ્યા હતા અને તેમના કાર્યકાળ દરમિયાન ગામના વિકાસ માટે અનેક મહત્ત્વપૂર્ણ કામો કર્યા હતાં. કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, સમાજના લોકો, મિત્રો, મીડિયા મિત્રો સહિત અનેક સરપંચો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

# નાનાપોંઢાના ઓઝર ગામે સૂચિત કંપનીનું બાંધકામ સામે રોષ


**મંજૂરી** ન લેતાં બાંધકામ અટકાવવા ગ્રામસભામાં નિર્ણય લેવાયો



વલસાડઃ નાનાપોંઢા તાલુકાના ઓઝર ગામમાં એક સૂચિત કંપની સંચાલકો દ્વારા બાંધકામ શરૂ કરવા મુદ્દે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. ગ્રામજનોની રજૂઆત બાદ શુક્રવારે યોજાયેલી ગ્રામસભામાં ગ્રામસભાનો મંજૂર ઠરાવ લીધા વગર કંપનીનું બાંધકામ શરૂ કરાયું હોવા મુદ્દે ચર્ચા બાદ બાંધકામ અટકાવી દેવાનો ઠરાવ કરાયો હતો.

સૂત્રોના જણાવ્યા મુજબ, સરપંચ પ્રવીણભાઈ ધાકલભાઈ ભસરાની અધ્યક્ષતામાં યોજાયેલી ગ્રામસભામાં ગ્રામજનોએ ગત તા.27 જાન્યુઆરી 2026ના રોજ લેખિતમાં વાંધા અરજી કરી ગ્રામ પંચાયતને માહિતગાર કરવામાં આવ્યા હતા. ગ્રામજનોએ સરપંચ સમક્ષ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, આ બાંધકામ માટે ગ્રામસભાની મંજૂરી લેવામાં આવી છે કે કેમ જે મુદ્દે કંપની દ્વારા કોઈ મંજૂરી લેવામાં આવી ન હોવાનું બહાર આવતા ચર્ચા બાદ સર્વાનુમતે ઠરાવ પસાર કરીને સરવે નંબર 61ની જમીન પર ચાલી રહેલું ગેરકાયદે બાંધકામ તાત્કાલિક બંધ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ગ્રામસભાના આ નિર્ણયથી ગામમાં સંતોષની લાગણી ફેલાઈ હતી.

### નવરાત્રિની પહેલી રાત્રિએ પારનેરા ડુંગર ચમકી ઊઠ્યો



ચૈત્રી નવરાત્રિને લઈ વલસાડ જિલ્લાના અનેક મંદિરોમાં ભક્તોની ભીડ જોવા મળી રહી છે. જેમાં પારનેરા ડુંગર ઉપર બિરાજમાન ચંદ્રિકા, અંબિકા, નવદુર્ગા અને મહાકાળીના મંદિરે રાત્રિના સમયે આસપાસના વિસ્તારોમાંથી અનેક ભક્તો દર્શનાર્થે ઉમટ્યા હતા. માતાના મંદિરને રંગબેરંગી આકર્ષક લાઈટીંગ દ્વારા શણગારવામાં આવ્યું છે, જે રાત્રિના સમયે ખૂબ જ રળિયામણું લાગે છે. જેની એક ઝલક ડ્રોન દ્વારા લેવામાં આવેલી તસવીર ઘણું બધું કહી જાય છે.

# પર્કોલેશનપીટપ્રકલ્પથીભવિષ્યમાં ભૂગર્ભ જળનું સ્તર વધશે

**ગણદેવીના** એંધલ ગામે જિલ્લા પ્રભારી સચિવે મુલાકાત લીધી




બીલીમોરાઃ નવસારી જિલ્લાના પ્રભારી સચિવશ્રી આર્દ્રા અગ્રવાલે શુક્રવારે ગણદેવી તાલુકાના એંધલ ગામે જળ સંચય માટે નિર્મિત પર્કોલેશન પીટ (રેઈન વોટર હાર્વેસ્ટિંગ સ્ટ્રક્ચર) પ્રકલ્પની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે જિલ્લા કલેકટર ક્ષિપ્રા આગ્રે તથા જિલ્લા વિકાસ અધિકારી પુષ્પલતા દ્વારા સચિવને પર્કોલેશન પીટની રચના અને તેની કાર્યપદ્ધતિ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. ચોમાસા દરમ્યાન ભારે પ્રમાણમાં પાણીનો ભરાવો રહેતો હતો, તે સ્થળે આ સ્ટ્રક્ચરનું નિર્માણ કરવામાં આવ્યું છે. રેતી વચ્ચે વાયરમેશ જાળી મૂકવામાં આવી છે, જેથી પાણી સાથે આવતો કચરો ઉપર જ અટકી જાય અને શુદ્ધ પાણી જમીનમાં ઉતરે. પર્કોલેશન પીટની પાળ પર ગેબિયન વોલ પણ બનાવવામાં આવી છે, જે ચોમાસા દરમ્યાન પાણીના પ્રવાહથી પાળ ધોવાઈ જવાથી બચાવે છે. આ સમગ્ર પ્રણાલી દ્વારા વરસાદી પાણીનો વ્યર્થ વહેણ અટકાવીને વોટર લોગિંગની સમસ્યા ઘટાડવામાં મદદ મળશે. આ પર્કોલેશન પીટના નિર્માણથી ભવિષ્યમાં ભૂગર્ભ જળ સ્તર વધશે તેમજ જમીનમાં રહેલી ખારાશમાં ઘટાડો થશે.

### ભરૂચથી 6 નાયબ મામલતદાર નવસારીમાં નિયુક્ત

નવસારીઃ રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા રાજ્યભરમાં નાયબ મામલતદારોની મોટા પાયે ફેરબદલીઓ કરવામાં આવી છે. ભરૂચ જિલ્લાના 6 નાયબ મામલતદારને એકસાથે નવસારી જિલ્લામાં મુકવામાં આવતા ચર્ચા જાગી છે. નવસારીમાં નિયુક્ત થયેલા અધિકારીઓમાં રશ્મી વિનોદભાઈ પટેલ, ચેતનકુમાર પટેલ, હેમાક્ષી એન. પટેલ, ઉર્વશી બી. પટેલ, ભાવિશા એસ. પટેલ અને યોગેશ એલ. પટેલનો સમાવેશ થાય છે. બીજી તરફ, નવસારી જિલ્લામાંથી સંદીપભારતી ગોસ્વામીની અમદાવાદ, આરતી ગઢવીની ગાંધીનગર, મહેશ રબારી અને શૈલેષ રબારીની અમદાવાદ તેમજ સંજય દેસાઈની ગાંધીનગર ખાતે બદલી કરવામાં આવી છે.


### જાહેર નોટીશ

આથી હમારા અસીલ કિરણભાઈ ગુણવંતરાય દેસાઈ વિગેરેના રહે. દેસાઈ ફળીયુ, ખરસાડ, તા. જલાલપોર, જી. નવસારીનાઓ દ્વારા નવસારી સીવીલ કોર્ટમાં રે.મુ. નં. ૫૦/૨૩ થી જાહેરાત/જાથુકની મનાઈ હુકમ/સ્પેશીફીક પરફેમન્સ વિગેરે દાદના સંદર્ભમાં દાવા અરજ દાખલ કરેલા હતા અને જેના સંદર્ભમાં દાવા અરજ દાખલ કરેલા હતા અને જેના સંદર્ભમાં હાલમાં હમારા અસીલ વિગેરેનાઓએ નવસારી ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં દાખલ કરેલ છે. અપીલ નં. ૨૨/૨૪ પેન્ડીંગ છે. સબબ આ હકીકતમાં દાવા અરજ સંબંધીત મોજેઃ ખરસાડ, તા. જલાલપોર મુકામે આવેલ બ્લોક નં. ૩૮૯ તથા ૧૧૧૩ વાળી ખેતીની જમીનો કે જે હમારા અસીલ વિગેરેનાઓના સ્થળ ઉપરના સીધી પ્રત્યક્ષ કબજા વપરાશમાં ચાલી આવેલ છે. એ જમીનો અંગે કોઈપણ ત્રાહીત ઈસમો દ્વારા કોઈપણ પ્રકારના તબદીલી ના કે અગર સંદર્ભના લખાણો કરવા-કરાવવા નહી, તેમ છતાં કોઈપણ ઈસમ દ્વારા ઉપરોક્ત જમીનો બાબતમાં કોઈપણ પ્રકારના તબદીલીના કે અન્ય વહેવારો કરવા-કરાવવામાં આવશે તો હમારા અસીલ જે તે ઈસમ વિરુધ્ધ કાયદેસર ફોજદારી કાર્યવાહી કરશે. જેની સ્પષ્ટ નોંધ લેવા મે. થશે.

નવસારી, મારી મારફત,
તા. ૨૦-૦૩-૨૦૨૬ **વિજય દીનકરરાય નાયક (એડવોકેટ)**

ઘર/ઓફિસઃ પ્રિતમનગર, સિંધી કેમ્પ રોડ, નવસારી - ૩૯૬૪૪૫. ફોન : (૦૨૬૩૭) ૨૫૬૮૧૫